શ્રી દ્રોણ વસાહત પ્રા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થતું માસિક મુખ

# આવકાર

आ नो भद्रा क्रतवो यन्तु विश्वतः।

## * પ્રસ્તાવના *

આપની સામે હવે આવકારનો આ બીજો અંક આવી રહ્યો છે. દ્રોણ વસાહત પ્રા. શાળાના ધો. 6, 7, 8 ના વિદ્યાર્થીઓ અને શાળા પરિવારના કામને પ્રોત્સાહન આપવા આ અંક વાંચજો અને ગામના અન્ય લોકોને પણ વંચાવજો.

દ્રોણ વસાહત આચાર્યશ્રી

## * શાળા સમાચાર *

### ☆ શાળા કક્ષાએ 'પુસ્તક વાચક' સ્પર્ધા ☆

તા. 12/2/2022 ના રોજ શાળામાં 'પુસ્તક વાચક' સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધો. 6, 7, 8 ના વિદ્યાર્થીઓએ રજુઆતો કરી હતી. પોતે વાંચેલા પુસ્તકોના પરિચયની આ પ્રસ્તુતિ માંથી શ્રેષ્ઠ

પ્રદર્શન કરનાર ઋતિકા લાલજીભાઈ રાઠોડ (ધો. 7) ને કલસ્ટર કક્ષા માટે પસંદગી કરવામાં આવી જ્યાં કલસ્ટર કક્ષાએ તેમણે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

### ☆ અંડર 14 માં પ્રસ્તુતિ ☆

તા. 19/2/2022 ના રોજ ગીરગઢડામાં તાલુકા કક્ષાની અંડર 14 સ્પર્ધાનું આયોજન હતું જેમાં શ્રી દ્રોણ વસાહત પ્રા. શાળાના વિદ્યાર્થીઓએ પ્રસ્તુતિ કરી હતી. આ સ્પર્ધામાં વકતૃત્વમાં રાબિયા (ધો. 7) એ ભાગ લીધો હતો. તથા દેશભક્તિ ગીતો પર નૃત્ય સ્પર્ધામાં ધો. 6, 7, 8 ની ભાઈઓ બહેનોએ (આફરીન, મોનિકા, ઋતિકા, રાબિયા અમિદ, જયેશ) નૃત્ય પ્રસ્તુત કર્યું હતું.

## * એક ભારત શ્રેષ્ઠ ભારત *

'એક ભારત શ્રેષ્ઠ ભારત' યોજના અંતર્ગત શાળા કક્ષાએ ગુજરાત અને છત્તિસગઢ રાજ્યની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. ત્યાર બાદ જ્ઞાનવર્ધક કસોટી દ્વારા બન્ને રાજ્યોની વિગતોથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. જેના દ્વારા વિવિધતામાં એકતા સંદર્ભે બાળક મળી-સમજી શકે

## ❋ ગામ સમાચાર ❋

વસંતઋતુના આગમન સાથે જ દ્રોણ વસાહતની સીમમાં અને રસ્તાપર રહેલા ખાખરાના ઝાડમાં ભરપુર કેસુડા ખિલ્યા છે અને હરિયાળા પુદેશ પર મળે કેસરિયાળો સાફો પહેર્યો હોય એવું લાગે છે.

## * વૃક્ષ સાથેની મિત્રતા *

બે વૃક્ષ હતા તે બંન્ને મિત્ર હતા. એક દિવસ હું ત્યાથી નીકળી હતી. તે બંન્નેને વાર્તા કરતા સાંભળ્યા કે એ બંન્ને કહેતા હતા કે અહી તો આપણો બંન્નેનુ કોઈ મિત્ર નથી. આપણે કોઈને કહીએ તો પણ આપણી સાથે કોઈ મિત્રતા નથી. કરતું હું ત્યાંથી નીકળી. વૃક્ષોએ મને કહ્યું કે તમે મારી સાથે મિત્રતા કરશો? મેં કહ્યું કે તમે મને જ કેમ પૂછ્યું? બન્ને એ કહ્યું કે અમે બધા જ ને પુછી લીધુ છે. પણ અમારી સાથે કોઈ દોસ્તી કરવા તૈયાર નથી. કેમકે અમે ખૂબ તોફાની છીએ! શું તમે અમને બંન્નેને સમજાવી શકો છો?

હા હું તમને બન્નેને સમજાવી શકુ છુ મે તે બંન્નેને સમજાવીને કહ્યુંઃ શું તમે મારી સાથે દોસ્તી કરશો? વૃક્ષો ખુશ થઈ ગયા અને મારી સાથે મિત્રતા કરી!

– તમન્ના મહમદભાઈ રિંદબલોચ
(ધો. ૪)

## ☆ તાલુકા કક્ષાની 'પુસ્તક વાચક' સ્પર્ધા ☆

તા. 27/2/2022 ના રોજ ઢોળ વસાહત પ્રા. શાળામાં ગીરગઢડા તાલુકાની 'તાલુકા કક્ષાની પુસ્તક-વાચક સ્પર્ધા' યોજાઈ હતી. જેમાં કલસ્ટર કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તાલુકાભરના વિદ્યાર્થીઓ પધાર્યા હતા. તેમની સાથે તેના માર્ગદર્શક શિક્ષકો પણ પધાર્યા હતા. આ ઉપરાંત BRC સાહેબ શ્રી જે સિંગભાઈની વિશેષ ઉપસ્થિત રહી હતી. જેમાં ઢોળ વસાહત પ્રા. શાળાની ધો. 7 માં અભ્યાસ કરતી ઋતિકા લાલજીભાઈ રાઠોડ તાલુકા કક્ષાએ બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

## ☆ રમત ગમતના સાધનો ☆

સરકારશ્રીની યોજના હેઠળ ઢોળ વસાહત પ્રા. શાળામાં રમતગમતના વિવિધ સાધનો લેવામાં આવ્યા. જેમાં ધોરણ અનુસાર રમતના સાધનો હોવાથી દરેક વિદ્યાર્થીઓ વયકક્ષા અનુસાર તાસ પ્રમાણે રમતનો આનંદ ઉઠાવી શકશે.

## ☆ રિસેશમાં નવતર પ્રયોગ

શ્રી ઢોળ વસાહત પ્રા. શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા નવતર પ્રયોગો કરવામાં આવે છે જેમાં વિદ્યાર્થીઓ ધોરણ પ્રમાણે પુસ્તકાલયના પુસ્તકોનું વાચન કરે છે. પોતાના ભોજન-નાસ્તા પૂર્ણ કર્યા બાદ વધતા સમયમાં પુસ્તકોનું વાચન કરે છે જેનું સંપૂર્ણ સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવે છે.

## * નિબંધ, ચિત્ર, વાર્તાલેખન સ્પર્ધા *

શ્રી ઢોળ વસાહત પ્રા. શાળા ચિલ્ડ્રન યુનિ. તેમજ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત વિવિધ વિષયો સાથે શાળા કક્ષાએ નિબંધ ચિત્ર તથા વાર્તાલેખન સ્પર્ધાનું ~~આ સ્પર્ધાઓમાં~~ આયોજન થયું હતું આ સ્પર્ધાઓમાં ભાગ લેનાર તમામને પ્રોત્સાહન પુરસ્કાર અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનારને વિશેષ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

## * હાઈકુ *

ઉગ્યો સૂરજ
ખીલતા કેસુડા જ્યાં
રંગ રેલાયો

- મોનિકા (ધોરણ-7)



સમગ્ર વિશ્વમાં શુદ્ધ પાણીના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવા માટે યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે 22 માર્ચના રોજ 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## ☆. વિદ્યાર્થી સંપાદક વૃન્દ ☆

તંત્રી :- શાળા પરિવાર

આલેખન :- મોનિકા, પ્રકૃતિકા

ચિત્રાંકન :- તસ્કીના

સહ સંપાદક :- જયદીપ, જલ્પા

મુખ્ય સંપાદક :- આફરિન

પ્રૂફરિડર :- આફરિન

પત્રકાર :- તમન્ના, સાનિયા, જયેશ, ભાવના

## * સંપર્ક સૂત્ર *


પ્રતિભાવ આપવા માટે

મુ :- દ્રોણ

શ્રી દ્રોણ વસાહત પ્રા. શાળા

તા. :- ગીરગઢડા

જિ :- ગીરસોમનાથ

પિન :-

કલ્પેશભાઈ પટેલ (આચાર્યશ્રી)

Mo. :- ૯૯૦૯૫૬૩૦૯૯